શ્રી રામચંદ્રજીના પરમ ભકતરા

ન-તુલશીદાસ

ત્રી. અંકી નાટકનાં ગાયનો.

છપાવી પ્રસીધ્ધ કરનાર.

આ સુરત દેશી નાટક કંપની.

ત ૧ લી   પ્રત ૨૦૦૦

કરાચી

"મહેશ મિત્ર" પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

૧૯૬૪   સન ૧૯૦૮.

મૂલ્ય ૦-૨-૦

રામચંદ્રજીના પરમભક્તરાજ

શ્રી નવીન તુલશીદાસ નાટકનો સંક્ષિપ્ત સાર.

મંગળાચરણ–સુત્રધાર અને નટીયો.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—પતિ ભક્તિમાં મસ્ત રત્નાવળી એવામાં તેના ભાઈ હિતબંધુનું તેડવા આવવુ ખોટું બ્હાનું બતાવી રત્નાવળીને પોતાની સાથે પીતાને ઘેર લઈ જવી ગાઢ પરણ્યાને ફાંફાં મારતા દીગંબરનું ત્યાં આવવું.

તુલશીદાસ સાથે વાતચિત પડોશણથી રત્નાવળી પીયર ગયાના સમાચાર સાંભળી તુલશીદાસનું વિહ્વળ થઈ પછાળ જવું.

પ્રવેશ ૨ જો—પ્રેમ ઘેલા તુલશીદાસનું શબપર બેસી. નદી ઉતરી, સાપ ઝાલી બારીપર ચઢી રત્નાવળીને મળવું. પ્રેમાંધ પતિને બોધ. પત્નિના બોધથી તુલશીદાસનો સંસાર ત્યાગ.

પ્રવેશ ૩ જો—દીગંબરની પરણવા માટે ઉમેદવારી એવામાં ગોરમાં રમવા નીકળેલી છોકરીઓનું આવવું. બધીએ મળી દીગંબરને મારમારી બનાવવો.

પ્રવેશ ૪થો—તુલશીદાસને પ્રેતનો સમાગમ રામ દરશનની માગણી પ્રેતનું ઘંટાકરણ પાટ ૫.સે રામ કથામાં હનુમાનજીને વિનવવા કહેવું. તુલશીદાસનુ જવું.

પ્રવેશ ૫ મો—રામકથા ભવાઇ ભુંગળ વાગવાથી લોકોનું તથા વ્યાસનું ઉઠી જવું. તુલશીદાસને હનુમાનજીનો મેળાપ.

પ્રવેશ ૬ ઠો—ચંદા પાછળ દીવાના બનેલા દીગંબ નું મંજરી ગુણકાને ત્યાં આવવું ચંદાને હાથ કરવા મંજરી ગુણકા સાથે ગોઠવણ કરી સ્ત્રી વેશમાં જવા નક્કી કરવું.

રામ લીલા.

પ્રવેશ ૧ લો—મંથરાએ કેકૈને ભરમાવવી. બાદ રામ-સીતાનું નીકળવું. ઉભય વચ્ચે હાસ્યવિનોદ

પ્રવેશ ૨જો--કેકૈ ગુસ્સામાં-દશરથનું આવવું કેકેયી ભરત રાજ્ય કરે અને રામ વનવાસ જાય એવા બે વચન માગવા. રામ-લક્ષ્મણ અને સીતાજીનું વનવાસ જવા નીકળવું રાજાજીનો પુત્ર વિયોગે પ્રાણ ત્યાગ ભરત શત્રુઘ્નનું આવવું કેકૈને ધીક્કાર અને ભિષ્મ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૭મો—તુલશીદાસ અને બ્રાહ્મણોનો મેળાપ લીલારૂપે શ્રી રામચંદ્રજીએજ દર્શન આપ્યાં તે જાણતા તુલશીદાસનો અફસોસ

પ્રવેશ ૮ મો—સ્ત્રી વેશમાં દીગંબરે ચંદાને ઘેર આવવું પોગળ પકડાતાં, ચંદાનું દીગંબરને માર મારી કાઢવું

પ્રવેશ ૯મો—નગરશેઠની છોકરી સાધવીનુ પોતાની સખીઓ સાથે નીકળવુ. ઉભય વચ્ચે હાસ્ય વિનોદ. તુલશીદાસનું પ્રેમ મસ્ત થઇ પાછળ જવું

પ્રવેશ ૧૦મો—તુલશીદાસ સાધવી પાસે ભિક્ષામાં પ્રેમની માગની કરવી સાધવીએ એક આત ઉત્તમ દાખલો આપવો. તુલશીદાસનો પસ્તાવો.

અંક બીજો.

પ્રવેશ ૧લો—કરેલા કર્મનો પસ્તાવો કરી તુલશીદાસ આત્મઘાત કરવા તૈયાર થાયછે હનુમાનજીએ આવી સમજાવી, કાશી તરફ જવા કહેવું.

પ્રવેશ ૨જો—તુલશીદાસ અને યોગી વચ્ચે શાસ્ત્રાર્થ તુલશીદાસની જીત યોગિના વિદ્યાબળે કરી બાદશાહનું આવવું. કંઠી માળા છીનવી લેવાનો હુકમ. એક મનુષ્યનું પ્રગટ થેઇ સીપાઇ વીગેરેને માર મારવો. યોગીએ તુલશીદાસની ક્ષમા માગવી. કેટલાક પંડીતોનું તુલસીદાસને કાશીમાંથી બ્હાર નીકળવા વીનવવું. તુલસીદાસનું જવું દેવલના દ્વાર બંધ થઇ જવાથી તુલશીદાસને પાછા લાવવા દ્વાર ખુલ્લા થવા આનંદ.

પ્રવેશ ૩જો—દીગંબરનું મંજરી સાથે કરેલી ગોઠવણ પ્રમાણે ગપ્પુ ઠોકી ચંદાને ફસાવવી

પ્રવેશ ૪થો—તુલશીદાસની પરણકુટીમાં ચોરનું આવવું. રક્ષા કરવા ઉભેલા શ્રી રામચંદ્રજી તથા લક્ષ્મણજીને જોઇ ચોરનું આશ્ચર્ય થઇ તુલશીદાસને પુછવું. તુલશીદાસનો ખેદ, ઉપાધીઓનો ત્યાગ. બાદશાહના સીપાઇનું તુલશીદાસને તેડવા આવવું. થોડા દીવસ પછી આવવાનું કહી વીદાય કરવો. બાદ એક હઠીલા વાણીઆની હમણાને હમણા રામદરશન કરાવો એવી માગણી તુલશીદાસે ઝાડ પર ચઢી ત્રીશુળપર પડવા કહેવું. વાણીઓ હસી કાઢી ચાલી જવા માંડેછે. વટેમારગુનું આવવું, વાણીઆને

પૈસા આપી વીદાય કરી પોતે ઝાડપર ચઢી શીશુળપરે પડવું રામચંદ્રજીના દરશન.

પ્રવેશ ૫મો—ચંદા દીગંબરનો હાસ્ય વિનોદ.

પ્રવેશ ૬ ઠો—દીલ્હી જવા નીકળેલ તુલશીદાસ રત્નાવળીએ પતિ તરીકે ઓળખતા પોતે જાહેર થઈ સાથે લઇ જવા કહેવું પત્નિના બોધથી તુલશીદાસ જોગીનો ત્યાગ કરી તારક, સુચી વગેરેને ગમગીન મુકી દિલ્હી તરફ રવાના થાયછે.

પ્રવેશ ૭મો—દીગંબર બારસાનું પોગળ ખુલ્લુ થવું ચંદા દીગંબરની ધમાધમ. એવામાં વિનોદનું આવવું દીગંબરનું સંતાઇ જવું. ચંદા વિનોદનો દીગંબરને મારી નાંખી નાશી જવા વિચાર, એવામાં મદારીનું બોલવું. વિનોદ મદારીને અંદર બોલાવી સાપની માગણી કરવી. મદારીએના કહેવાથી તેને મારી દીગંબરપર સાપ નાંખી બંને જણનું નાશી જવું.

પ્રવેશ ૮મો—તુલશીદાસને શોધવા નીકળેલી મીરાં ને તુલશીદાસનો મેળાપ ઉભય વચ્ચે વાતચિત.

પ્રવેશ ૯મો- બાદશાહે તુલશીદાસને કરામત દેખાડવા કહેવું. તુલશીદાસે રામનામ સિવાય કાંઈ જાણતો નથી. કહેવાથી શાહે ગુસ્સે થઇ કેદ કરવા હુકમ હનુમાનજી વીગેરે કપીવૃન્દ આવી બાદશાહ વીગેરેને ત્રાહે પોકરાવી શાહે તુલસીદાસને નમી ક્ષમા માગતા ઉપદ્રવની શાંન્તી: બાદશાહે જવાહિરની ભેટ ધરતા તુલસીદાસે તેને રામદરશન કરાવવા નાચ રંગ.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—ચીત્રકોટપર તુલસીદાસ તથા સાધુઓ મંજરીનું આવવું તુલસીદાસનો સમાગમ રામ તથા લક્ષમણનું આવવું ચંદનની માગણી કરવી. એટલામાં હનુમાનજીએ જાહેર કરવું તુલસીદાસ પગે પડવું.

પ્રવેશ ૨ જો—સુગ્રીવનું સખા સાથે હાસ્ય વિનોદ તારફનું આવવું રીસામણું મનામણું રત્નાવળીનું આવવું બાદ બધાનુ વૃંદાવન તરફ જવું.

પ્રવેશ ૩ જો—ચંદાની શોધમાં નીકળેલ દીગંબરને તુલસીદાસ સાથે મેળાપ મંગળ ચોરનું આવવું ચોરને બનાવી દીગંબરનું નાશી જવું. તુલસીદાસનુ ચોરને સંસારમાં કોઇપણ સગું નથી, એમ કહી બતાવવા તેને ઘેર જવું.

પ્રવેશ ૪થો— તુલસીદાસ તથા મંગળ ચોરનું આવવું મંગળચોરને માંદાનો ઢોગ કરવા કહી તુલશીદાસનું જવું બાદ મંગળ ચોરનું ઢોંગ કરી સુઇ જઇ બુમો પાડવી ડોસા ડોસી અને તેની સ્ત્રી તથા છોકરાનું આવવું તુલસીદાસનું આવવું સરવેની પરીક્ષા મંગળ ચોરનો પસ્તાવો. સાધુ થવા તઇયાર થવું તુલસીદાસે સમજાવી આશીરવાદ આપવો.

પ્રવેશ ૫મો—વિનોદનું ચંદાને મારવા તઇયાર થવું ચંદાએ ચાલાકીથી કટાર છુટાવી લઇ વિનોદનું ખુન કરવું ચંદાનો પસ્તાવો. આત્મઘાત દીગંબરનું આવવું બનેને મરેલા

જોઇ દીગંબરનો સંસાર ત્યાગ. અને તુલશીદાસ પાસે દીક્ષા લેવા વૃંદાવન તરફ જવું.

પ્રવેશ ૬ઠો---દાવનમાં વૈશ્ણવો તુલશીદાસનુ આવવું દીગંબરે આવી દીક્ષા માગવી રત્નાવળી સુચી તારક વિગેરેનુ આવવું નાભાજીનુ લશીદાસને મુરતિને નમવા કહેવું રાધા કૃષ્ણની મુરતિને નહીં નમવાથી બધાનુ ગુસ્સે થવું તુલશીદાસનો અચળ ટેક. મુરતિએ ધનુષ્ય-બાણ ધારણ કરવા તુલશીદાસે સ્વેચ્છાથી આ લોકનો ત્યાગ કરવો. પુષ્પ વૃષ્ટી. ગુણગાન.

સમાપ્ત

મુખ્ય પાત્રોના નામ.

પુરૂષ પાત્ર.

તુલશીદાસ................શ્રી રામચંદ્રજીના પરમભક્ત
દીગંબર ....તુલશીદાસનો મિત્ર
હિતબંધુ ....રત્નાવળીનો ભાઈ
હનુમાન................શ્રી રામચંદ્રના અનન્ય પ્રેમી ઉપાસક કપીરાજ
જહાંગીરશાહ...........દિલ્લીનો બાદશાહ
તારક....................તુલશીદાસનો પુત્ર
વિનોદ..................દિગંબરનો દોસ્ત
મંગળઆહિર...........ચોર

સ્ત્રી પાત્ર.

રત્નાવળી................તુલશીદાસની પત્નિ
ચંદા.....................પઇસાની પુજારણ છટકેલ છોકરી
મંજરી...................ગુણિકા
સાધ્વી............ ...નગરશેઠની છોકરી
શુચિ.....................તારકની પત્નિ
મારાબાઇ ....કુંભારાણાનિ પત્નિ

આ શિવાય બાળાઓ, પંડિતો, બ્રાહ્મણો, પ્રેત, વ્યાસ, વણિક, ક્ષત્રિ, નાગરિકો, યોગિરાજ, સખીઓ, નાગનારિઓ દરબારીઓ સુબેદાર, સિપાઇઓ, ચો.રો, વઈસ્ય, મહારી, સાધુઓ, પ્રજાજનો વીગેરે-વીગેરે.

અંતર નાટકના પાત્રો.

દશરથ.....................અયોધ્યાનો રાજા

રામ
લક્ષ્મણ
ભરત
શત્રુઘ્ન
} ....દશરથના કુમારો

વશિષ્ટ....................કુળ ગુરૂ

સીતા......................રામચંદ્રજીના પત્નિ

મંથરા.....................કેકઈની દાસી

કેકઈ......................ભરતની માતા

સુમિત્રા-કૌશલ્યા....દશરથની રાણીઓ

આ સિવાય સુમંત પુરજનો દાસ દાસિઓ વિગેરે.

શ્રી

તુલશીદાસ નાટકના ગાયનો.

મંગળા ચરણ.

૧

સૂત્રધાર—કર ધાર કૃપાળ શીવ વિભુ નંદન
બાળ આશ પુર પ્રભુ હે.
પિતા માતા ભ્રાતા સૌમાં દાતા તુંહી તુંહી મારે
દીનબંધુ ચરણે તારે જગસીંધુ તારે તું—ટેક.
મતિ વીના કૃતિ ધરી કર આ નાટક
તુજ હાથ મુજ લાજ જગન્નાથ દીન દાસ
શરણુ ચરણુ છે શીશ મુકયું—ટેક.

૨

નટીઓ—ધન્ય ધન્ય આ અવનીમાં શીયળ સાંચવે એને
બેની તેને—
પતિવૃત પાળે તેને, સતી કહી જાય તેને,
પતિશેવા કરે તેને—ધન્ય
જન્મ ભુએ ધરીને, સંસારમાં રહીને,
પ્રાણ સ્વર્ગે જાય, શેવા ભુમીમાં થાય,
એવી રતી સતી નારીઓને ધન્ય લાખો ધન્યછે ધન્ય.

૩

રત્નાવળી—માનત હુય નહીં દેખો આજ સખી મારી આજ
સઘળી લાજ એમના ચરણ, પાછળ રહે
વિહારી મારા માનત.
છળ બળ કળથી હું સમજાવું,
જો પ્યારા આવે આજ મારી પાસમાં,
નામ પ્રભુનું ચીત્તમાં રાખો પ્યારા
પગે પડી વીનવું માનત.

૪

રત્નાવળી—તજીદો, તજીદો, પ્યારા મારા, કહું વીનવી
સાંભળો મારી વાત—
રામ ભજનમાં ચિત્ત લગાડો,
સ્વર્ગ મોક્ષ પ્રભુ પદને પામો,
રામ ભજન રસ જેણે ચાખ્યો, પ્રભુ ઉઘાડશે દ્વાર-તજીદો

૫

છોકરીઓ—આશવ પાલવના ઝાડરે રામજી
હીંચોળા બંધાવરે રામજી
તે હીંચોળે કોણ કોણ બેસશી
એ હીંચોળે ગોરમાં ઝુલશે.
ગોરમાનો વર કેશરીઓ
નદીએ નાવા જાયરે ગોરમા
પગે પીતાંબર પાત્રડી
કઇ રૂમઝુમ કરતો જાયરે ગોરમા.

૫ ૧

સખીઓ—ખાઓ મેથીપાક,જમોકુંદીપાક,લોમલીરો ચાખો
પરણો પસંદ કરી નારી
દીગંબર—છોડો માસી માવડી. મુકી દો બેનડી
ચંદા—નહીં ગભરાઓ, શું શરમાઓ,
ક્યાં નાશી જાઓ, ઉભા રહો આવો,
દીગંબર—અરે અમ્મા જાનો, મને નહીં મારો
ચંદા—હ્યો ગલે લગાવો, જરા હલવો ખાઓ
મ્હેનો જુદી લગાવો. ટેક.

૭

તુલશીદાસ—કોઇ રામ બતાવો હાંરે વીરલા કોઇ ભાઈ
માગો તે આપું હું તો જીવ કહો જીવ આપું
રઘુનાથ લાલને મીલાવો રે
સંસારમાંથી કોઇરે બતલાવો મારા રામને—કોઇ.
ધનુષ બાણુને રાખ્યું છે હાથમાં,
અવનીમાંથી કોઇ મીલાવો રઘુનાથને—કોઇ.

૮

ગુણકાની છોકરીઓ—કોઇઆઇએશોખીનોઉડાઇએબ્હાર
સેજ બીછાવું ગલે લગાવું
લીયો ઇસ્કની જુઓ ભરી ખાણુ—એજી જુઓ. કાયમ
ચંપા ચંબેલી ફુલનકી સેજાં
સોકે ઉડાઇએ બ્હાર મેરે યાર—એજી બ્હાર કાયમ

૯

મંજરી—જરા ધીમેથી આમ જરા ધીમેથી આમ
ચાલો ઠુમકુમ આમ કરી રૂમઝુમ
જરા નખરેથી આમ

ડીગં—અહા બન્યા ડીલબર જાન (૨)

મંજરી—એમ નહીં આમ (૨)

ડીગં—કેમ

મંજરી—આ જાવો નખરો

ડીગં—વાહ ખરો

મંજ—ડાબે પગે

ડીગં—અરે વારે વા

મંજ—જાઓ જાઓ હવે મળવાં

ડીગં—અરે વા

મંજ—જા જા જા

૧૦

સીતા—હાંરે રંગીલા રાજા વા અરે વા અરે વા વા વા
ન તરસાવો ન સતાવો રઘુલાલા
આમ શું કરો, જરા થોભો નહીં શરમાવો

રામ—આવો નખરો નહીં કરવો
ઝટક સટક જરા છોડો રસીલી
આવો આવો ધીરે ભેટો છબીલી

સીતા—તન મન ધન પ્યારા તમ પર જાણે વારી–હાંરે

૧૧

સીતા—પિયુ સાથ લેયો અરજ મારી
વદે કર જોડી પામર નારી—પીયુ
જળ વીના મીન જીવે નહીંરે
જરૂર પ્રાણ જાશે નક્કી માનોરે—પીયુ
સારસ જોડું વીખરાઈ જાએ
વિયોગી આવેલી કેમ જીવે રે—પીયુ.

૧૨

સર્વ—હાય, લાય, થાય, જાય; રઘુનાથ વનવાસ
નાર, ધિક્કાર, ફીટકાર કેકઈ કર્યા નીરાશ
રામ-સીતા—વનચર કરશે વાર આજ્ઞા દીઓ મહારાજ
જુવો ઉભા લગાડો નહીં વાર
સર્વ—અહીં નવ રહીએ ચાલો ચા.........લો.
રામ-સીતા—સમજો સ્યાણા થાઓ
સ્યાણા થઇ જવા દો—હાય.

૧૩

ભરત—ધિક્કાર ધિક્કાર ધિક્કાર નારી જાતને ધિક્કાર
મક્કાર બદકાર રાણી, તારી જાતને ફીટકાર
હટજા—હટજા
અધમ સંગે વસી તેંતો કીધો કાળો કેર
હાય અધમ સંગતને લાખો વાર ફીટકાર
જા જા ધિક્કાર.

૧૪

તુલશીદાસ—હાંરે વારે રઘુલાલા મેં'તો તારી લીલા જોઇ
વારે સુમિત્રા, કૌશલ્યા માતા,
લક્ષ્મણ લીધો સાથમાંજી--વારે
દશરથ રાજાએ પ્રાણ ત્યાગ્યા,
પુત્ર પ્રેમ દરશાવ્યોરે તારી લીલા જોઇ--વારે
વારે ભરત ભાઇ કરૂની પહેરી
ભ્રાત વિયોગે રામ રામ
રામ નામને ભજો મારા પ્યારા
તેની લીલા છે ન્યારીરે--તારી લીલા.

૧૫

ચંદા—મદ ભરી જુવો કેવી નારી
છેલા લાલાને છેતરૂં છળથી
પોલકાથી, સાડીથી, બુટોથી હારોથી
જુવો અજબ છે નખરો--મદ.
ધન્ય રૂપ ચંદા ધન્ય ભાગ્ય ચંદા, ધન્ય જીવન ચંદા
તારૂં અવનીમાં-.-
લટકો, મટકો, ચટકો, ઝટકો
પકડે. જકડે' કનડે દીલને
શોખીનો માટ, ઘડયો છે માટ, બ્રહ્માએ સાક્ષાત--મદ.

૧૬

ચ'ન્દા—હુડધુત હુ'ધુત ખસ દુર ખસ દુર
 ચોર કહી પકડાવીશ હુ'
 આ બનીને આવ્યો તુ'
 જા નહીં તો મરશે ધુત
હીગ'—માફ કર માફ કર માફ કર
ચ'દ્રા—જુતી તુટી મારી, તોએ મારૂ' ફરી લગ્નની તૈયારી
હીગ'—માફ કર, (૨) માતા મારી છોડો
ચ'દ્રા—જા જા જા

૧૭

સખીઓ—લટકી સાહેલી મચકાતી કયાં ચા......લી
 રસવેલી, મદઘેલી, કયાં ચાલી, અલબેલી
 જઈ મદન જ'ગમાં જીતજે પીયુને ભલી......લી
સાધવી—તમને બનાવી જુઓ આ ચાલી, ચા......લી
સખીઓ—ચા..............................લી. લટકી

અંક બીજો.

૧૮

શંકર—નમો કર જોડી, ઉમયા પતિ ધામ
જટામાં ગંગા, લલાટે ચંદ્ર
જાયે દુખો હેતા નામ—નમો.
ભષ્મનું ચંદન અંગે લગાવ્યું
વિશ્વેશ્વરાનંદ નામ—નમો.

૧૯

સર્વેનું—રામ પ્રભુ !! લીલા ન્યારી તુળશીને જાણ્યા રાગજી
જે કોઇ ભજશે રામ નામને સેજે તરશે સંસારજી
સીતાપતિ સીતાપતિ આપો મતિ શુભ કૃતિ—તુલશી.
જોઇ કૃપા આજ રામ નામની, સૌ કનું કરયું કમજી
રા..............મ રા............મ—તુલશી.

૨૦

મંજરિ—પરણો મને
ચંદા—પરણો મને
દીગં—વારે દીગંબર, આનો સરદાર.
કર મુકરર વિચાર એકની સાથે કરાર
મંજરિ—અરે તું જા, હતા તું ખા, બે જુદી આ
ચંદા—પરણો વાલા મારી સાથે
આતો ગુણકા નાર
મંજરિ—જારે ચીબડી ચપ ચપ કરતી
નહીંતો ખાશે લાત એજી સાંભળ
સાચી વાત એજી નહીંતો ખાશે લાત—પરણો.

૪

૨૧

ચંદા—અરે વ્હાલા દીગંબર ચલો હવે તમે
કરો લગ્નની તૈયારી.
હવે ચાલો જલદીથી ઓ પ્યારા
દીગંબર--ઉતાવળ કરે શું આમ (૨)
ચંદા--કરો છો ઠગાઇ પણ હવે સગાઇ
ન ગણો જુદાઇ
ચાલો મોરી સાથે
દિગં૦-ચંદા હવે થા ધીરી જરી
બલાને ટાળી, પ્રીતી કરી
ચંદા--છોડોને ખટપટ, ચાલો હવે ઝટપટ
દીગં—ધીરી થા તું બાપુડી
ચંદા—અહં હં હં... ... ...અરે

૨૨

રામ—કરું આવા તારી તુલશી હું આ સમે
ધરું બાલ ગતની હું પ્રેમથી પુજે છે મને
તુલશી ભેપે આ સમે લુંટી જાશે ચોર
કપટો દેશી મુંજને એ રામ વીહારી મોર
તુલશી આ સંસારમાં ભાત ભાતના લોક
ચાલે છે તેમ ચાલજે અંતે તારો મોક્ષ
કરૂં આશ્ચય જગતને હું ભક્તિથી આમ તરે,
કરું કામ ક્યારે ભક્તનું ગ્રહ્ય કરે-કરું.

૨૩

દિગંબર—પ્યારી આંખો તું ઓઝી નવાબ
બધશું વાડી સાડી
ફરવાને માટે ગાડી—આંખો તું.

ચંદા—વાડીને સાડી પ્યારા, થોભીશ પ્યારા મારા
વારસાના મોટી આશા ગાડી તમે આજે લો

દીગં—રસીલી છબીલી કોકીલી
ધીર ધર તું
આવે વારસો બધશું તમામ—પ્યારી

૨૪

રત્નાવળી—મન જપી લે રામમાં મોહી
જે નામથી કરયું પરાયણ
તજી ચાલી ગયા છે સ્વામી—મન.
કૃષ્ણ કનૈયા બાળ તું વ્રજ
રામ નામની કહેની ધારી
સીતાપતી રઘુનાથ—મન.

૨૫

તારેક—જુદાઇ બાપુ આજ હમને જણાઇ
દુઃખકારી—
દૂખી કીધોરે મને જુદાઇ પીતા.
ઓરે પીતાજી પીડા ભારી—જુદા
ઉઠતાંને બેસતાં નથીરે ભુલાતી
ઓ રઘુનાથના વિહારી—જુદાઇ

૨૬

મીરાંબાઈ—હે પંખીડા નમેરા બોલ તુલશી,
ક્યાં રે ગયા પુંછે ગીરાં—હે પંખીડા
ગોકુળ જોયા કાશીમાં જોયા
ચાડીયા કહેને વીરા—બોલ.
બળી બળી પાયે
પઠી કહું શું કહો કોઈએ જોયા વીરા—બોલ તુલશી.

૨૭

મીરાંબાઇ—તું તો કૃષ્ણ ગીરધરલાલ તારી રચના ભારી
રંગે તું વ્હાલા સ્યામ છે ગુણ ગાતા હારી
માથે મુગટ મોરનો ગદા હાથ ધારી—કૃષ્ણ.
અંગે પીતાંબર હીરનું ને હેમની દોરી
વીષ્ણુનો અવતાર વાલા, મુર્તી સુખકારી—કૃષ્ણ.

૨૮

સાબંનું—બાગો બહારી છાઇ હસ ગાવો સબ મીલકે—ધુન ધુંન,
જગમય શાહ કો શીશ નમાયે
નગર સગર સબ ગુન તેરા ગાયે
કાયમ રહે ગે તાજરી, બાગો
ઝમક દમક દીન રાત બના
હમેશા હમપે નેક નજર રહે
શાહી રહે મેં સાદરી-બાગે

૨૯

અધાનું—સુરત મુરત સુખકાર રઘુનાથ જેને ભજે
દુખનો કરે સંહાર, શ્રી રામ રામ રામ તુહી (૩)
અગલો વનમાં ચરે રામ શીકાર કરે ધુન સતી હુ?
તત તરાન તગ તગ તગ તગ તગ
તગ ધીલાંગ ધકધા—અગલો
મમમમમ પપપ ધની પમગમગ
થઇ તા થઇ તા થઇ તગ ગીડાન
ધાધા કીટી તકધા ધાધા કીટી (
તકધુમ કડતકધા (૨) અગલો.

અંક ૩ જો.

૩૦

આરવનું—કાયા કાચી માયા જુઠી શરણું તું રામનું લે
કરીશ જે હાથે તારા—
આવશે તે સાથે
શાને રાખે માયા મોતી, કાળ ચોર લુંટશે—કાયા
છોડી દે ખોટા ધંધા દુનીયાના ફંદા
માટી દેહ માળીઆમાં રામ નામ જોડી લે—કાયા
અવસર જાશે અંધા સેજે તરીજા
તુળસી તરે તેવું તું રામ નાવ ગોતી લે—કાયા.

૩૧

સુખી—જાયરે મારૂ જોશા ખાતું જોબન

રંગ ભરયું જોબન મદ ભરયું જોબન—ટેક.

પીયુજીના રૂદે ફસી જોબનના જંગે ધસી

મદન વીર સામે લડી નાથ હાથ બાથ ભીડી

બંજરે માગી લુંટાઇ ઘેલા મોહન

છક ભરયા મોહન મદ ભરયા મોહન જાય રે

૩૨

સખી—બેની મારી રંગે રમજો રસીયા પીયુની સાથે

લટકાથી લલચાવી રીઝવજે બેન

ધીરી ધીરી ધીરી સખી જરા ધીરી ધીરી આ—રસીયા

સુખી—બેની મારી શું શરમાવો

જાઓ અહીંથી તમો દુર થાઓ—રસીયા

૩૩

સુખી—મટકાથી ચાલે ક્યાં ચાલ્યા ચમચમ

સારક—નહીં નહીરે ઠગારી વાનખરો થનગન—મટકાથી

સુખી—પ્યારા માગ હું માગી માગું

આમ કરો શું મારી સાથ

સારક—તારી મારી પ્રીતી તુટી જા જા જા (૩)

સુખી—રસીયા પ્રીતમ આવો આમ

રીસાઈ તજી ચાલ્યા શું આમ

તમે સાંભળ્યું કે હું શું બોલી

સારક—જા જા જા

૩૪

બધાનું—પસ્તાશો પછી ભજો પ્યારા તમે આજ
શ્રી ગીરધરલાલના ગુણને ગાઓજી
બાળપણામાં વાલો માખણ ચોરતોજી
ગોપીઓના તાણ્યા એને ચીર—તમે આજ
સોળ હજારને એકસો આઠ ગોપીઓજી
તોપણ વાલો બાળ બ્રહ્મચારી—તમે આજ
નાનપણામાં ગાયો ભેંસો ચારતો જી
મને લાગે ગુણ સારારે—તમે આજ.

૩૫

બધાનું—દાતા........રામ પ્રભુ લીધો ચરણે
આવે શરણે મુખે રામ નામ—દાતા.
નારદ—ઓરે પીતાજી ખરી ભકતાઇ
છોડીને ચાલ્યાં શું આમ
શુચી—સસરાજી ધરજો કાન
શુચી વહુના છેલ્લા પ્રણામ
અંતે તજી ચાલ્યા શું આમ
મુખે જપતા રામનું નામ
મીરા—રામ નામકી લુટ હે લુટ શકે તો લુટ
પીછેસે પસ્તાયગા પ્રાન જાયગા છુટ
રામ ઝરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસા જીનકા ચાકરા વેસા બદલા દેત
બધા—વારે તુલશીદાસ ખરી ભકતાઇ
રામ ભજનથી અંતે પામ્યા પ્રભુ પદ—દાતા.